ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

મંગળવાર 3 નવેમ્બર, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

ચીલાકોટા ગામે બનેલ પત્નીની હત્યાની ઘટનાનાં

હત્યારા પૂર્વ પતિને લીમખેડા પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો

લીમખેડા હાઈવે રોડ થી બસ સ્ટેશન તરફ જતો હતો તે દરમિયાન કોર્ડન કરીને ઝડપી પાડ્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.2

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે રવાળી ફળિયામાં પૂર્વ પતિ દ્વારા પત્નીની હત્યાની ઘટનામાં લીમખેડા પોલીસે ગણતરીના સમયમાં આરોપી પૂર્વ પતિને લીમખેડા માંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. મૃતક પારુબેન ના અગાઉ જાદાખેરીયા ગામે રહેતા દશરથ સુરપાલ માવી સાથે લગ્ન થયા હતા. બાદમાં તેઓ ચીલાકોટા ગામે શૈલેષભાઈ માવી સાથે પત્ની તરીકે રહેવા લાગ્યા હતા. આ બાબતે અગાઉ બોલાચાલી અને ઝઘડો થતાં સમાધાન દ્વારા પારુબેનને પ્રથમ પતિ દશરથ પાસે મોકલાયા હતા, પરંતુ તેઓ ફરીથી શૈલેષભાઈના ઘરે રહેવા આવ્યા હતા.

આ જ અદાવત રાખીને આ હત્યા કરવામાં આવી હતી ગત તા. ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં ફરિયાદી શૈલેષભાઈ મજૂરીકામ અર્થે બહાર ગયા હતા અને ઘરના અન્ય સભ્યો પોતપોતાના કામમાં હતા. તે દરમિયાન પારુબેન ઘર બહાર લઘુશંકા માટે ગયા હતા. તે વેળાએ આરોપી દશરથ સુરપાલ માવીએ તીક્ષ્ણ હથિયાર વડે તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં પારુબેનના ડાબા હાથ પર કોણીની નીચેના ભાગે, પેટના ડાબા ભાગે, જમણી બાજુના કમરના ભાગે તેમજ પગમાં ગંભીર ઘા ઝીંકવામાં આવતા તેઓ લોહીલુહાણ હાલતમાં ફળિયાના આંગણામાં પડી ગયા હતા અને તેમનું કરુણ મોત નીપજ્યું હતું. લીમખેડા પોલીસે જાદાખેરીયા ગામના ડુંગરા ફળિયામાં રહેતા આરોપી દશરથ સુરપાલ માવીને લીમખેડા હાઈવે રોડ થી બસ સ્ટેશન તરફ જતો હતો તે દરમિયાન કોર્ડન કરીને ઝડપી પાડ્યો છે અને તેને પોલીસ સ્ટેશન લાવી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ધાનપુરના લીલી આંબા ગામે એસઓજી પોલીસનો સપાટો

ડીગ્રી વગર પ્રેક્ટીસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

પોલીસે ક્લિનીકમાંથી દવાઓ, ગોળીઓ તેમજ સાધનો જપ્ત કર્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.2

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના લીલીઆંબા ગામે પટેલ ફળિયામાં જરૂરી મેડિકલ લાયકાત કે પ્રમાણપત્ર ધરાવતો ન હોવા છતાં ક્લિનિક ચલાવી દવા-ગોળીઓ આપી તેમજ ઈન્જેક્શન-બોટલ ચડાવી સારવારના નામે એક બોગસ તબીબ ગરીબ ભોળી ગ્રામીણ જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હોવાની બાતમી દાહોદ એસ.ઓ.જી શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એસ જે રાણાને મળી હતી.

જે બાતમીને આધારે એસ. ઓ.જીપી. આઈએસ જે રાણા ની સૂચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ એસ.ઓ.જી પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ યુ જોષી પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ સ્થાનિક મેડિકલ ઓફિસર ને સાથે રાખી બાતમી વાળી જગ્યાએ ઓચિંતી તપાસ હાથ ધરી ક્લિનિકના બની બેઠેલા તબીબ દાહોદ ગોદીરોડ, પશુપતિનાથ નગરમાં રહેતાં ૪૦ વર્ષીય પલાશ ખોકન બક્ષી પાસે જરૂરી મેડિકલ લાયકાતના પ્રમાણપત્ર માગ્યા હતા.પરંતુ મેડિકલ લાયકાતના પ્રમાણપત્રો કે અન્ય કોઈ પુરાવા તેઓની પાસે ન હોવાથી તે પોલીસ સમક્ષ મેડિકલ લાયકાતના કોઈ પણ પુરાવા રજુ કરી શક્યા ન હતા જેથી તે મેડિકલ લાયકાત કે પ્રમાણપત્ર વગર ક્લિનિક ચલાવતો બોગસ તબીબ હોવાનું સાબિત થતા પોલીસે તેની અટકાયત કરી હતી અને તેના ક્લિનિકમાંથી પોલીસને દવાઓ, ગોળીઓ,બોટલો, ઈન્જેક્શનો તેમજ મેડિક્લને લગતી અન્ય સામગ્રી મળી રૂપિયા ૭,૧૧૫/- નો મુદ્દામાલ મળી આવતા પોલીસે તે કબજે લીધો હતો.

મૃતદેહ સ્મશાન પાસેથી પાણી ભરેલા ખાડામાં પડ્યો હતો

કાલોલ બારોટવાસના ગુમ થયેલા ધીરજભાઈ બારોટનો મૃતદેહ મળ્યો



(પ્રતિનિધી) કાલોલ, તા.2

કાલોલના બારોટવાસ ખાતે રહેતા અને ગત ૨૮ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલા ધીરજભાઈ મોતીભાઈ બારોટ ઉ.વ. ૫૩ નો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે

ધીરજભાઈ બારોટ ગત ૨૮/૧૦/૨૦૨૫ના રોજ સાંજના પાંચેક વાગ્યાના સુમારે ઘરના સભ્યોને કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા હતા તેઓ પરત ન આવતા પરિવારજનો દ્વારા તેમની આસપાસ અને સગા-સંબંધીઓમાં ભારે શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ તેમનો કોઈ પતો લાગ્યો ન હતો આ અંગે તેમની દીકરી નિશાબેન દ્વારા કાલોલ પોલીસ સ્ટેશનમાં ગત ૩૧/૧૦/૨૦૨૫ના રોજ તેઓ ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવવામાં આવી હતી દરમિયાન, ગુમ થયાની નોંધ થયાના થોડાક જ સમયમાં, સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં કાલોલ સ્મશાનની સામે આવેલી બગીચાની પાછળ આવેલા પાણી ભરેલા ખાડામાંથી ધીરજભાઈ બારોટ મૃત હાલતમાં મળી આવ્યા હતા.જે અંગેની જાણ હેમંતકુમાર મનુભાઈ બારોટ દ્વારા કાલોલ પોલીસ મથકમાં કરતા પોલીસે મૃતદેહને કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જંગલના રખેવાળ પોતાના હક્ક માટે જંગલ છોડી મેદાનમાં

દેવગઢ બારીયા વન વિભાગમાં હડતાળનો હાહાકાર, 150થી વધુ કર્મચારીઓ જોડાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.2

વર્ગ-3ના તમામ કર્મચારીઓ હડતાળ પર ઉતરતાં વન વિભાગનું મોટાભાગનું કામકાજ ઠપ્પ પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં કર્મચારીઓ એ કરી અચોક્કસ મુદત ની હડતાલ જંગલ અને વન્યજીવોના રક્ષણની જવાબદારી નિભાવતા વન વિભાગના કર્મચારીઓ હવે પોતાના હક અને પડતર માગણીઓ માટે મેદાન માં ઉતર્યા છે. દેવગઢ બારીયા વન વિભાગની રેન્જમાં 150 થી પણ વધુ કર્મચારીઓ હડતાળમાં જોડાતાં વન વિભાગના વહીવટી તેમજ જંગલ ના કામકાજ પર ગંભીર અસર પડી છે. વર્ગ-3ના તમામ કર્મચારીઓ હડતાળમાં જોડાયા છે, જ્યારે વર્ગ-1, વર્ગ-2 અને વર્ગ-4ના કર્મચારીઓ ફરજ પર હાજર રહ્યા છે.વન કર્મચારીઓ લાંબા સમયથી વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા રજૂઆતો કરી રહ્યા છે, પરંતુ પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. કર્મચારીઓની મુખ્ય માગણીઓમાં રિસ્ક એલાઉન્સ, 29 દિવસના પગારની ચૂકવણી, વનપાલ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસરના ભથ્થામાં વધારો, વિવિધ સંવર્ગના કર્મચારીઓના ગ્રેડ-પેમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવી સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.ખાસ વાત એ છે કે વન કર્મચારીઓ જંગલ વિસ્તારમાં હિંસક પ્રાણીઓ અને જોખમી પરિસ્થિતિઓ વચ્ચે રહીને ફરજ બજાવે છે. જંગલમાં મોબાઈલ નેટવર્કની સુવિધા પણ પૂરતી ન હોવા છતાં પરિવારથી દૂર રહી ફરજ નિભાવતા કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં હવે આંદોલન ઉગ્ર બન્યું છે.

હાલોલ કોર્ટનો મહત્વનો હુકમ

ચેક બાઉન્સ કેસમાં મહિલાને ૬ માસની કેદ અને ૨.૬૦ લાખનો દંડ

(પ્રતિનિધી) હાલોલ, તા.2

હાલોલની શ્રી જનતા સહકારી બેંક લી. માંથી લોન મેળવીને તેની નિયમિત ભરપાઈ ન કરનાર મહિલા આરોપી સામે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ચેક પરત ફરવાના (ચેક બાઉન્સ) કેસમાં મહેરબાન એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી આર.બી. જોષી સાહેબની કોર્ટે આરોપી મહિલાને ૬ માસની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા. ૨,૬૦,૦૦૦/- નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.કેસની વિગત અનુસાર, મોજે કંજરી (તા. હાલોલ) ના કંજરી રોડ પર આવેલા 'તિર્થ વીલા' ખાતે રહેતા આરોપી રશ્મીકાબેન રાજેશભાઈ જોષી નાઓએ શ્રી જનતા સહકારી બેંક લી. હાલોલમાંથી લોન મેળવી હતી. જોકે, લોનના હપ્તા નિયમિતપણે ભરાતા ન હોવાથી બેંક દ્વારા બાકી નીકળતી રકમ અંગે માંગણી કરવામાં આવી હતી. આ બાકી રકમ પેટે આરોપી રશ્મીકાબેન દ્વારા આપેલ ચેક બેંકમાં જમા કરાવતા તે પરત (બાઉન્સ) ફર્યો હતો. આથી, શ્રી જનતા સહકારી બેંક લી. તરફથી તેમના વિદ્વાન વકીલ એમ.એસ. ઠક્કર મારફતે હાલોલ કોર્ટમાં 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ'ની કલમ-૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સદર કેસની સુનાવણી દરમિયાન કોર્ટ સમક્ષ રજૂ થયેલા પુરાવાઓ અને દલીલોને ધ્યાને રાખીને, એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી આર.બી. જોષી સાહેબે આરોપી રશ્મીકાબેન રાજેશભાઈ જોષીને ગુનામાં તકસીરવાન ઠરાવ્યા હતા.જ્યારે બેંકમાંથી ધિરાણ મેળવી નાણાં પરત ભરપાઈ ન કરનારા લોકો સામે કોર્ટ દ્વારા સંભળાવવામાં આવેલા આ કડક સજાના હુકમને પગલે આવા બાકીદારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લા પોલીસ વડા રવિરાજસિંહ જાડેજાના હસ્તે 'ઘુઘરદેવ મહાદેવ પોલીસ ચોકી

દાહોદના ચાકલીયામાં અંગ્રેજોના શાસનકાળની ઐતિહાસિક પોલીસ ચોકીનું પુનઃલોકાર્પણ

ગુજરાત-મધ્યપ્રદેશની સરહદ પર દાહોદ જિલ્લાના છેવાડે આવેલી પોલીસ ચોકી ફરી કાર્યરત થતાં આસપાસનાં 53 ગામોની સુરક્ષા વ્યવસ્થાને મળશે વધુ મજબૂતી



(પ્રતિનિધી) દાહોદ, તા.2

દાહોદ જિલ્લાના ચાકલીયા ખાતે ઐતિહાસિક વારસાને જાળવી રાખવાની સાથે સરહદી વિસ્તારની કાયદો અને વ્યવસ્થાની સુરક્ષાને વધુ સુદૃઢ બનાવવાના હેતુથી અંગ્રેજોના શાસનકાળ દરમિયાન કાર્યરત રહેલી ઐતિહાસિક પોલીસ ચોકીને ફરી કાર્યરત કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાશ્રી રવિરાજસિંહ જાડેજાના હસ્તે આ નવીન હેરિટેજ પોલીસ ચોકીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંગ્રેજોના શાસનકાળમાં કાર્યરત રહેલી અને સમયાંતરે બંધ પડેલી આ ઐતિહાસિક પોલીસ ચોકીને પુનઃજીવિત કરીને 'ઘુઘરદેવ મહાદેવ પોલીસ ચોકી, ચાકલીયા' નામ આપવામાં આવ્યું છે. ગુજરાત અને મધ્યપ્રદેશની સરહદ પર વ્યૂહાત્મક રીતે આવેલી આ પોલીસ ચોકી સરહદી વિસ્તારની સુરક્ષા વ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પોલીસ ચોકી ફરી કાર્યરત થવાથી આસપાસનાં 53 ગામોની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે.

લીમખેડા તાલુકામાં આગામી સરપંચની ચૂંટણીમાં ખળભળાટ

ST અને ઓબીસી અનામત બેઠકોનો મુદ્દો મહત્વનો બની શકે છે

(પ્રતિનિધી) દાહોદ, તા.20

લીમખેડા તાલુકામાં આગામી ગ્રામ પંચાયતની સરપંચ ચૂંટણીને લઈને અનામત બેઠકોનો મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બની શકે છે. તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોમાં આગામી ચૂંટણી યોજાવાની છે, કેટલી ગ્રામ પંચાયતોમાં સતત પાંચ ટર્મથી એસ.ટી. અનામતનો લાભ મળતો રહ્યો છે તેમજ કેટલી બેઠકો ઓબીસી સમાજ માટે અનામત થવાની શક્યતા છે તેવા સવાલો ઊભા થયા છે.વર્ષ 2025ની ચૂંટણી સંબંધિત અંદાજીત લીમખેડા તાલુકામાં 26 ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી અને 13 ગ્રામ પંચાયતોમાં પેટાચૂંટણી યોજાઈ હતી. આમ કુલ 39 ગ્રામ પંચાયતોનો સમાવેશ થયો હતો. ગુજરાતમાં ઓબીસી સમાજ માટે 27 ટકા અનામતની જોગવાઈ અમલમાં આવ્યા બાદ ગ્રામ પંચાયતોની અનામત ફાળવણીમાં પણ પારદર્શિતા જાળવવાની માંગ ઊઠી રહી છે. જો 39 પંચાયતોને માત્ર ગણતરીના આધાર તરીકે લઈએ તો 27 ટકા પ્રમાણે આશરે 11 બેઠકો થાય છે. જોકે વાસ્તવિક ફાળવણી વસ્તી, લાગુ પડતા નિયમો અને સરકારી અનામત રોસ્ટર મુજબ જ નક્કી થવાની છે. ખાસ કરીને સતત પાંચ ટર્મથી એસ.ટી. અનામત રહેતી ગ્રામ પંચાયતોમાં હવે અનામતની ફેર બદલી અને ઓબીસી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે અંગે પણ ચર્ચા જરૂરી બની છે. લીમખેડા તાલુકામાં આગામી ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતોનો સમાવેશ થશે જેમાં સતત પાંચ ટર્મથી એસ.ટી. અનામત રહેતી ગ્રામ પંચાયતો પણ છે ઓબીસી સમાજ માટે 27 ટકા અનામત મુજબ કેટલી બેઠકો ફાળવાશે અનામત રોટેશનમાં તમામ સમાજને સમાન તક અને ન્યાય મળશે કે કેમ? આ સમગ્ર મામલે તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અગાઉના પાંચ ટર્મની અનામત યાદી તથા આગામી ચૂંટણીનું અનામત રોસ્ટર જાહેર કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ઉજવાયો

લીમખેડાની શાળાઓમાં બાળકોને ૨૩ ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું



(પ્રતિનિધી) દાહોદ, તા.20

રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ અને દૃષ્ટિ ક્ષતિ નિવારણ કાર્યક્રમ અંતર્ગત બાળકોની આંખોની તંદુરસ્તી જળવાઈ રહે અને દૃષ્ટિ સંબંધિત સમસ્યાઓનું સમયસર નિદાન તથા નિવારણ થાય તે હેતુસર દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. લીમખેડા તાલુકાની મોડેલ સ્કૂલ તથા જવાહર નવોદય વિદ્યાલય ખાતે બાળકોની આંખોની તપાસ દરમિયાન રિફ્રેક્ટિવ એરર એટલે કે દૃષ્ટિની ખામી ધરાવતા બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી અંતર્ગત મોડેલ સ્કૂલ લીમખેડાના બાળકોને કુલ 23 નંગ ચશ્માની ફાળવણી કરી વિતરણ કરવામાં આવ્યું હતું.

સાંપ્રત સમાજ માટે ફતેપુરા તાલુકાના જગોલા ગામે બનેલી લાલબત્તી સમાન ઘટના

શંકાશીલ પ્રેમીએ ખોટો વહેમ રાખી પ્રેમિકાને દુપટ્ટા વડે ગળે ફાંસો દઈ પુરાવાનો નાશ કરવા લાશ કૂવામાં નાખી

(પ્રતિનિધી) દાહોદ, તા.2

ફતેપુરા તાલુકાના જગોલા ગામે સાંપ્રત સમાજ માટે બનેલી લાલબત્તી સમાન ઘટનામાં રાત્રિના સમયે પોતાના પ્રેમીને મળવા આવેલ ૧૫ વર્ષીય પ્રેમિકાને ફોન વ્યસ્ત આવવાના મામલે શંકા કરી શંકાશીલ પ્રેમીએ ગુસ્સામાં આવી પ્રેમિકાના દુપટ્ટા વડે જ પ્રેમિકાના ગળે ફાંસો આપી તેની બોડી અડધા દુપટ્ટા સાથે નજીકના એક કૂવામાં નાખી, દુપટ્ટાનો અડધો ભાગ સળગાવી દઈ પુરાવાનો નાશ કર્યાનું સામે આવ્યું છે.

બાસવાડા જિલ્લાના આનંદપુરી તાલુકાના ફલવા ગામના ખાખરાપાડા ફળિયામાં રહેતી ૧૪ વર્ષ -૯-માસ-૨૮-દિવસની વયની કેતનબેન જયંતીલાલ ચુનીયાભાઈ ગરાસીયાને તેનાજ ગામના માળ ફળિયામાં રહેતા શૈલેષભાઈ શામજીભાઈ પારગી સાથે પ્રેમ સંબંધ હોય બંને પ્રેમી પંખીડા બહાર અવારનવાર મળી પ્રેમ ગોષ્ઠી તેઓના પરિવારજનોની જાણ બહાર મળતા રહેતા હતા. કેતનબેન તારીખ ૨૯-૧૦-૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે પોતાના પ્રેમી શૈલેષભાઈ પારગીના કહેવાથી ફતેપુરા તાલુકાના જગોલા ગામે ડુંગર પર ત્રણ બાલના નામે ઓળખાતી જગ્યાએ તેને મળવા ગઈ હતી, તે વખતે પ્રેમી શૈલેષે કેતનબેનને, 'તારો ફોન કેમ વ્યસ્ત આવે છે? તેમ કહી પોતાની પ્રેમિકા પર ખોટા શંકા રાખી, 'તું મારી નહીં તો બીજાની વહેમ રાખી પણ નહીં થાય' તેમ કહી કેતન બેનના ગળામાં ઓઢેલ દુપટ્ટોલઈ કેતનબેનના ગળામાં નાખી દુપટ્ટામાં ગાંઠ દઈ દુપટ્ટાનો એક છેડો શૈલેષે તેના પગ નીચે દબાવી બીજો છેડો હાથથી ખેંચતા કેતનબેનને ગળે ફાંસો લાગી જતા તે બેભાન થઈ ઢળી પડી હતી. જેથી કેતને મરણ ગયેલ હોવાનું વિચારી કેતનબેન ની બોડીને ઉચકીને મનજીભાઈ પારગીની માલિકીના નજીક માં આવેલ રાકેશ ભાઈ ના કુવા ખાતે લઈ જઈ દુપટ્ટાથી ગળામાં બાંધી કૂવામાં લટકાવી દુપટ્ટો વચ્ચેથી પથ્થર વડે કાપી છોડી દેતા કેતનબેન કુવાના પાણીમાં ડૂબી જતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે શૈલેષે પુરાવાનો નાશ કરવા દુપટ્ટાનો અડધો ભાગ સળગાવી દીધો હતો. કુવામાંથી કેતનબેનની લાશ મળી આવતા ફતેપુરા પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતના ગુનાના હાથ ધરી હતી. અને તપાસ માં સદર કાગળિયા કરી આગળ વધુ તપાસ મા બનાવ ખૂનનો હોવાનું સપાટી પર આવતા મરણ જનાર કેતનબેન ગરાસીયા ના પિતા જયંતીલાલ ચુનિયાભાઈ ગરાસીયાએ ઉપરોક્ત કેફિયત ભરી ફરિયાદ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે આ સંદર્ભે રાજસ્થાનના બાસવાડા જિલ્લાના આનંદપુરી તાલુકાના ફલવા ગામના માળ ફળિયામાં રહેતા શૈલેષભાઈ શામજીભાઈ પારગી વિરુદ્ધ ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

ફરિયાદીને રૂ. ૨૭.૨૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટનો નિર્દોષ છૂટકારાનો હુકમ રદ

(પ્રતિનિધી) દાહોદ, તા.2

મૂળ ફરિયાદી અશોકકુમાર પન્નાલાલ નાહરે તેમના ભત્રીજા નિર્મલકુમાર સુરેશચંદ્ર નાહરને વ્યવસાય માટે રૂ. 20 લાખની રકમ આપી હતી. જે રકમ પરત ચૂકવવા માટે આરોપીએ આપેલા બે ચેક બેંકમાં રજૂ કરતાં બંને ચેક ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાના કારણે પરત ફર્યા હતા. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ ફતેહપુરા કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસમાં નામદાર ટ્રાયલ કોર્ટે તા. 24-01-2025ના રોજ આરોપીને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આ હુકમથી અસંતુષ્ટ થઈ મૂળ ફરિયાદી તરફથી એડવોકેટ અલ્તાફ મન્સુરી તથા એડવોકેટ જાવેદ મન્સુરી દ્વારા દાહોદની નામદાર અપીલ અદાલતમાં ફોજદારી અપીલ નં. 22/2026 દાખલ કરવામાં આવી હતી. વધુમાં, આરોપી દ્વારા ચેકનો દુરુપયોગ થયો હોવાની રજૂઆતને સમર્થન આપતો કોઈ નક્કર પુરાવો રેકર્ડ પર આવ્યો નથી.

બંને પક્ષોની દલીલો તથા કેસના રેકર્ડ પરના પુરાવાઓનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કર્યા બાદ નામદાર ત્રીજી અધિક જિલ્લા અને સેશન્સ અદાલત, દાહોદના ન્યાયાધીશ સંદીપસિંહ જી. ડોડીયા તા. 30-10-2026ના રોજ ચુકાદો આપી ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલ નિર્દોષ છૂટકારાનો હુકમ રદ કર્યો હતો.

જાહેર હરાજી

જિલ્લા શિક્ષણ સમિતિ પંચમહાલ (ગોધરા) સંચાલીત હાલોલ તાલુકાની માળ પ્રાથમિક શાળાના ૬(છ) જર્જરિત ઓરડા અને ૧(એક) જર્જરિત મધ્યાહ્ન ભોજન કેન્દ્ર એમ કુલ ૭(સાત) ઓરડા જાહેર હરાજીથી ઉતારી કાટમાળ સાથે આપવાના છે. રસ ધરાવતા ઈસમોએ ૧૦,૦૦૦ રૂપિયા (દસ હજાર) ડિપોઝીટ, પાસપોર્ટ સાઈઝ ફોટો-૩ નંગ તથા આધારકાર્ડ ની ઝેરોક્ષ તારીખ ૦૩/૧૧/૨૦૨૬ થી ૦૫/૧૧/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધી હરાજી માટેની નામ નોંધણી કરાવવાની રહેશે અને નામ નોંધણી કરાવેલ ઈસમો જ હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીની શરતો જે તે સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

તારીખ : ૦૬/૧૧/૨૦૨૬, શુક્રવાર.
સમય : સવારે ૯:૦૦ થી ૧૦:૩૦ સુધી
સ્થળ : માળ પ્રાથમિક શાળા, તા-હાલોલ, જિ.-પંચમહાલ.

શાળા વ્યવસ્થાપન સમિતિ-માળ
માળ પ્રાથમિક શાળા, હાલોલ, જિ. પંચમહાલ